# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/317 Dt. 03/02/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## IPR દ્વારા સુરતના MSMEને સશક્ત બનાવવાનો પ્રયાસ, SETU ફાઉન્ડેશન અને SGCCI દ્વારા MSME માટે બૌદ્ધિક સંપત્તિ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**સુરત:** SETU ફાઉન્ડેશન અને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ઉષાકાંત મારફતિયા હોલ, સરસાણા, સુરત ખાતે MSME મંત્રાલયની MSME Innovative Scheme અંતર્ગત IPR (Intellectual Property Rights) કોમ્પોનેન્ટ હેઠળ એક દિવસીય ઇન્ટેલેક્ટ્યુઅલ પ્રોપર્ટી અવેરનેસ પ્રોગ્રામનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની થીમ “Empowering Surat MSMEs through Intellectual Property Rights” રહી હતી.

SETU ફાઉન્ડેશનના ચેરમેન તથા SGCCIના પૂર્વ પ્રમુખ શ્રી હેતલ મહેતાએ સ્વાગત સંબોધનમાં જણાવ્યું હતું કે, આજના સ્પર્ધાત્મક વૈશ્વિક યુગમાં MSME ઉદ્યોગોએ પોતાના નવીન વિચારો, બ્રાન્ડ, ડિઝાઇન અને ટેક્નોલોજીનું સંરક્ષણ કરવું અત્યંત જરૂરી બની ગયું છે. IPR અંગેની યોગ્ય સમજ અને અમલથી MSME લાંબા ગાળે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ કરી શકે છે.

SGCCIના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરત ઉદ્યોગનગરી તરીકે ઓળખાય છે અને અહીંના MSME ઉદ્યોગકારોને Intellectual Property Rights વિશે જાગૃત કરવું સમયની માંગ છે. SGCCI હંમેશા ઉદ્યોગોને માર્ગદર્શન અને નીતિગત સહાય આપવા પ્રતિબદ્ધ છે.

SETU ફાઉન્ડેશનની IPFCના હેડ CS. વિજયા મહેશ્વરીએ વિગતવાર પ્રેઝન્ટેશન આપ્યું હતું. તેમણે પેટન્ટ, ટ્રેડમાર્ક, કૉપિરાઇટ, ડિઝાઇન રજિસ્ટ્રેશન તેમજ MSME મંત્રાલય દ્વારા મળતી IPR સંબંધિત સબસિડી અને સહાય યોજનાઓ અંગે માહિતી આપી હતી. MSME માટે IPFC કેવી રીતે ઉપયોગી બની શકે તે પણ સમજાવ્યું હતું.

IP નિષ્ણાત ડૉ. અનિલ સરાવગીએ પોતાના સંબોધનમાં Intellectual Property Rightsના વ્યવહારુ પાસાઓ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ઉદ્યોગકારોને IPRને ખર્ચ તરીકે નહીં પરંતુ રોકાણ તરીકે જોવાની સલાહ આપી હતી અને અનેક ઉદાહરણો દ્વારા IP પ્રોટેક્શનના ફાયદા સમજાવ્યા હતા.

IP નિષ્ણાત ડૉ. પંકજ ગાંધીએ MSME માટે IPRની વ્યૂહાત્મક મહત્વતા સમજાવતા કહ્યું હતું કે, નવીનતા અને બૌદ્ધિક સંપત્તિનું સંરક્ષણ ઉદ્યોગના મૂલ્યવર્ધન માટે અત્યંત આવશ્યક છે. તેમણે IP ફાઈલિંગની પ્રક્રિયા સરળ ભાષામાં સમજાવી હતી.

SETU ફાઉન્ડેશનના ડિરેક્ટર તથા SGCCI મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી પંકજ ત્રિવેદીએ કાર્યક્રમમાં ઉપસ્થિત ઉદ્યોગકારો, વ્યવસાયિકો તથા સહયોગી સંસ્થાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન SGCCIના ગ્રુપ ચેરમેન શ્રી પરેશ લાઠિયાએ કર્યું હતું.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન તેમજ સેતુ ફાઉન્ડેશનના ડિરેકટર શ્રી મયંક દલાલ, ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય તેમજ સેતુ ફાઉન્ડેશનના ડિરેકટર શ્રી પ્રદીપ પટેલ, ઉદ્યોગ સાહસિકો અને પ્રોફેશનલ્સ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દ્વારા સુરતના MSME ઉદ્યોગકારોને Intellectual Property Rights અંગે પ્રાયોગિક જ્ઞાન પ્રાપ્ત થયું હતું, જે તેમને પોતાના વ્યવસાયને વધુ મજબૂત અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા ઉપયોગી બન્યું હતું.